(અલ્લાહના) ઘરની હજયાત્રા લોકોની (અલ્લાહ પ્રત્યેની) ફરજ છે – તેમના માટે જેમને મુસાફરી પોષાય.

દિવ્ય કુરઆન ૩:૯૭

હજ કેવી રીતે કરવી

હજના અમલોની સરળ ગુજરાતીમાં સમજૂતિ

લેખક

હઝરત મૌલાના મુહમ્મદ સલીમ ધોરાત સાહેબ

مجمع الدعوة الإسلامي

ઈસ્લામિક દા'વા અકાદમી

ચેરિટી રજિસ્ટ્રેશન નં. 1965175

www.idauk.org

હજ કેવી રીતે કરવી

લેખક : હઝરત મૌલાના મુહમ્મદ સલીમ ધોરાત

Gujarati Translation of HOW TO PERFORM HAJJ
by Shaykh Muhammad Saleem Dhorat

© ઈસ્લામિક દા'વા અકાદમી
સર્વ હક સ્વાધીન. આ પ્રકાશનનો કોઈ ભાગ ઈસ્લામિક દા'વા અકાદમીની પૂર્વ પરવાનગી વિના પુનર્મુદ્રિત, પુનઃપ્રાપ્ત થાય એ રીતે સંગ્રહિત, કે કોઈ સ્વરૂપે, વીજાણુ, યાંત્રિક, ફોટોકોપી, ધ્વનિકરણ કે અન્ય રીતે પુનઃપ્રસારિત કરવો નહીં.

પ્રકાશક :
Islamic Da'wah Academy
120 Melbourne Road
Leicester, England
LE2 0DS
Tel. (0116) 262 5440

Website www.idauk.org

(અલ્લાહના) ઘરની હજયાત્રા લોકોની (અલ્લાહ પ્રત્યેની) ફરજ છે – તેમના માટે જેમને મુસાફરી પોષાય. *દિવ્ય કુરૂઆન ૩:૯૭*

હજ કેવી રીતે કરવી

હજના અમલોની
સરળ ગુજરાતીમાં
સમજૂતી

લેખક

હઝરત મૌલાના મુહમ્મદ સલીમ ધોરાત સાહેબ

ભાષાંતર

આદમ ઘોડીવાલા

مجمع الدعوة الإسلامي

ઈસ્લામિક દા’વા અકાદમી

સૂચિ

ક્રમ	i
આમુખ	ii
પ્રસ્તાવના	v
હજના પ્રકાર	૧
આ કિતાબનો ઉપયોગ	૩
હજ્જે કિરાન	૩
હજ્જે તમત્તુ	૪
હજ્જે ઈફરાદ	૫
હજના પાંચ દિવસ	૬
૮મી ઝિલ્હજ પહેલાં	૬
પહેલો દિવસ (૮મી ઝિલ્હજ)	૮
બીજો દિવસ (૯મી ઝિલ્હજ)	૧૦
અરફાત તરફ	૧૦
અરફાતનું રોકાણ	૧૦
મુઝદલિફા તરફ	૧૨
મુઝદલિફામાં	૧૩
ત્રીજો દિવસ (૧૦મી ઝિલ્હજ)	૧૫
મુઝદલિફામાં રોકાણ	૧૫
મિના તરફ	૧૬
રમી (કાંકરા મારવા)	૧૭
રમીનો સમય	૧૮
રમીની રીત	૧૯
નહ્ર (કુરબાની)	૨૦
નહ્રનો સમય	૨૧
હલક/કસ્ર	૨૧
ઝિયારતનો તવાફ	૨૩
ઝિયારતના તવાફનો સમય	૨૩

ચોથો દિવસ (૧૧મી ઝિલ્હજ)	૨૬
રમી	૨૬
રમીનો સમય	૨૬
રમીની રીત	૨૬
પાંચમો દિવસ (૧૨ મી ઝિલ્હજ)	૨૮
છઠ્ઠો દિવસ (૧૩ મી ઝિલ્હજ)	૩૦
રમીનો સમય	૩૦
વિદાયનો તવાફ	૩૧
વિદાયના તવાફનો સમય	૩૧
હજ પછી	૩૩

આમુખ

હજરત મૌલાના નઈમુલ્લાહ ફારુકી, એમ.એ.

રવિવાર, ૯મી એપ્રિલ ૧૯૯૫ના રોજ મેં હજરત મૌલાના મુહમ્મદ સલીમ ધોરાતની મુલાકાત લીધી ત્યારે તેઓને કિતાબનું પ્રૂફ વાંચતા જોયા. જયારે મેં પ્રૂફનું લખાણ જોયું તો તે ‘હજ કેવી રીતે કરવી’ નામક પુસ્તિકા હતી. મારાથી વાંચ્યા વગર રહેવાયું નહિ, અને હું જેમજેમ વાંચતો ગયો તેમ મને ઘણી ખુશી થઈ અને દિલપૂર્વક દુઆ કરી. સર્વશકિતમાન અલ્લાહ આ શ્રેષ્ઠ પ્રયાસને કબૂલ કરે અને આખેરતમાં સવાબનો જરિયહ બનાવે. વાંચકોને એનો વધુમાં વધુ ફાયદો ઉઠાવવાની તૌફિક આપે આમીન.

આ પુસ્તિકામાં હજરત મૌલાનાએ ખૂબજ સરળ રીતે હજના જરૂરી મસાઈલ રજૂ કર્યા છે, અને હાજીઓ સામાન્ય રીતે જે ભૂલો કરે છે તે સુધારી છે. તેમણે ખરેખર હાજીઓને હાલની મુશ્કેલીઓમાં સરસ માર્ગદર્શન પૂરું પાડયું છે. મારે કહેવું જોઈએ કે, અગાઉ આ વિષયની આટલી સર્વગ્રાહી અને ચોકસાઈ ભરી પુસ્તિકા મેં જોઈ નથી.

મૌલાના મુહમ્મદ નઈમુલ્લાહ ફારુકી, એમ.એ.

આમુખ

હજરત મુફતી યુસુફ સાચા સાહેબ

આ નાની કિતાબ જોઈ વાંચકના મનમાં તરત વિચાર આવશે : ‘હજ વિશે બીજી એક કિતાબ !’ ખરેખર, હજ વિશે ઘણી કિતાબો છે પણ હજનો વિષય એટલો વિવિધ છે કે પ્રત્યેક વ્યકિતનો અનુભવ અને જરૂરિયાત અલગ છે, વળી ઈસ્લામ વિશેની અધિકૃત કિતાબોની હમેશાં જરૂર છે.

હજરત મૌલાના મુહમ્મદ સલીમ ધોરાત સાહેબે પ્રથમ, હજના પાંચ દિવસો પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે; બીજું, આ અંગ્રેજીભાષી માટે છે, ત્રીજું, હજને શકય એટલી સરળ બનાવવાનો પ્રયત્ન છે અને છતાં હજના મસાઈલ બાબતે સમતોલ છે; ચોથું, આ પ્રથમવારના હાજી માટે તૈયાર માર્ગદર્શિકા છે તથા થોડા સમય પછી ફરી જનાર ભાઈબેનો માટે સ્મૃતિ સહાયક; અને છેલ્લે, ટૂંકા મસ્લા દ્વારા વાંચકોને સમજાય છે કે હજના વિવિધ અરકાનની શું હકીકત છે.

યાદ રહે કે, આ પુસ્તિકા હજરત મૌલાના મુહમ્મદ સલીમ સાહેબની અગાઉની પુસ્તિકા ‘ઉમરહ કેવી રીતે કરવો’ ની સહપુસ્તિકા છે, અને તેમની આ વિષયની છણાવટ સમજવા તથા તેનાથી લાભ મેળવવા બન્નેનો સાથે અભ્યાસ કરવો જોઈએ.

અલ્લાહ તઆલા તેની દયા અને રહમથી હજરત મૌલાના મુહમ્મદ સલીમ સાહેબ તથા ઈસ્લામિક દા’વા અકાદમી સાથે સંકળાયેલા તમામના નમ્ર પ્રયાસને કબૂલ કરે, આમીન.

(મુફતી) યુસુફ સાચા સાહેબ
બાટલી, ઈંગ્લેન્ડ
૯મી એપ્રિલ ૧૯૯૫

પ્રસ્તાવના

અલ્લાહ સર્વશકિતમાનની અસીમ દયાથી ઈસ્લામના આ અદના સેવકની 'ઉમરહ કેવી રીતે કરવો' નામક કિતાબ ઈસ્લામિક દા'વા અકાદમી દ્વારા પ્રગટ થયેલી. ઘણા મિત્રો અને શુભેચ્છકો સહિતના જેમને આ કિતાબથી લાભ થયેલો તેમનો આગ્રહ હતો કે હું હજ કરવાની રીત વિશે આવી જ કિતાબ લખું. આ કિતાબ તેમની ઈચ્છાનું પરિણામ છે.

આ વિષય પર વિગતવાર અને ટૂંકમાં ઘણી કિતાબો સંપાદિત થઈ છે. આ આજીઝે પોતાની રીતે ચોકસાઈપૂર્ણ અને ટૂંકાણમાં લખવા પ્રયાસ કર્યો છે જેથી બધા હાજીઓ હજના અરકાનોને સહેલાઈથી સમજી શકે.

હજ કેવી રીતે કરવીનું સંકલન હજ ૧૪૧૩ હિજરી અને હજ ૧૪૧૪ હિજરી દરમિયાન થયું અને અંતીમ રૂપ રમજાન ૧૪૧૫ હિજરી દરમિયાન મસ્જિદે નબવીમાં અપાયું. અલ્લાહ તઆલા આ નમ્ર પ્રયાસને કબૂલ કરે અને નજાતનો જરિયહ બનાવે, આમીન.

હું બધા હાજીઓને વિનંતી કરું છું કે, મુબારક જગ્યાએ દુઆમાં ઈસ્લામના આ નમ્ર સેવકને, તેનાં મા બાપને, ઉસ્તાદોને, અને આ કિતાબના પ્રકાશન સાથે સંકળાયેલા સૌને યાદ રાખે.

મુહમ્મદ સલીમ ધોરાત
ઝિલ્કદ ૧૪૧૫ હિજરી/એપ્રિલ ૧૯૯૫

હજના પ્રકાર

હજના ત્રણ પ્રકાર છે. :

૧ **કિરાન** – હાજી ઉમરહ અને હજ બન્ને અદા કરવાની નિય્યતથી એહરામ બાંધે છે. બન્ને માટે એક જ એહરામ બંધાય છે. મકકાહ પહોંચી હાજી પ્રથમ ઉમરહ કરે છે અને પછી એ જ એહરામમાં હજ કરે છે; જેથી તે હજ પૂરી થતા સુધી એ જ એહરામમાં રહેશે.

૨ **તમત્તુ** – હાજી ફકત ઉમરહ કરવાની નિય્યતથી એહરામ બાંધે છે.ઉમરહ પૂરો થતાં, આ એહરામ છૂટે છે. અને ૮મી ઝિલ્હજ પહેલાં હજની નિય્યતથી બીજો એહરામ બંધાય છે.

૩ **ઈફ્રાદ** – હાજી ફકત હજની નિય્યતથી એહરામ બાંધે છે. તેને ઉમરહ સાથે ભેગો કરતો નથી. એહરામ બાંધ્યા પછી હજ પૂરી થતાં સુધી એહરામની પાબંદી રહે છે.

નોંધ : શરિયત મુજબ, એહરામ એટલે એવી સ્થિતિમાં આવવું જેમાં કેટલીક હલાલ બાબતોની મનાઈ છે, દા.ત. ખુશ્બૂ લગાડવી, શરીરના વાળ છાંટવા કે કાપવા, વગેરે. આ હજ/ઉમરહની નિય્યત કરી, બે ચાદરો પહેરી, તલ્બિયહ પઢી થાય છે. (ઓરતો પોતાના સામાન્ય પોશાકમા રહે છે.)

હાજી બે ચાદરો પહેરે છે તેને પણ એહરામ કહેવાય છે. કેટલાક લોકો માને છે કે, એકવાર આ ચાદરો પહેરી લો પછી કઢાય નહિ. આવું નથી. જરૂર પડે હાજી તે બદલી શકે છે. ચાદરો કાઢવાથી હાજી એહરામની સ્થિતિમાંથી બહાર નીકળતો નથી. તે હજ/ઉમરહના બધા જરૂરી અરકાનો પૂરા કરે તે પછી જ એહરામની હાલતમાંથી બહાર આવે છે.

*

હઝરત અબુ હુરયરાહ રદિઅલ્લાહુ અન્હુ થી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું, 'જે કોઈ અલ્લાહને રાજી કરવા હજ કરે છે અને તેમાં બૂરો શબ્દ બોલતો નથી, કે કોઈ બૂરું કામ કરતો નથી, તે તેમાંથી ગુન્હાઓથી એવી રીતે પાક થઈને પાછો ફરે છે કે જે દિવસે તેની મા એ તેને જન્મ આપ્યો.'

બુખારી, મુસ્લિમ

હઝરત આયશા રદિઅલ્લાહુ અન્હા થી રિવાયત છે કે, રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું, 'અરફાતના દિવસ જેવો અન્ય દિવસ નથી જે દિવસે અલ્લાહ જહન્નમની આગથી વધુ રૂહોને નજાત આપતો હોય. અને તે દિવસે અલ્લાહ પૃથ્વીની નજીક આવે છે અને પોતાનું ગૌરવ પ્રદર્શિત કરતાં ફરિશ્તાઓને પૂછે છે : ' મારા આ બંદાઓની શું ઈચ્છા છે.'

મુસ્લિમ

આ પૂરી કિતાબનો ઉપયોગ કઈ રીતે કરવો

હજ્જે કિરાન

જો તમે હજ્જે કિરાન કરતા હોવ તો :

૧ તમે ઉમરહ અને હજ બન્ને અદા કરવાની નિય્યતથી મીકાત પર પહોંચતા અગાઉ કે ત્યાં પહોંચી એહરામ બાંધશો. (મારી કિતાબ 'ઉમરહ કેવી રીતે કરવો'માંથી એહરામ વિશેનો વિભાગ વાંચી તે મુજબ કરો.) પરંતુ યાદ રાખો કે, તમારે ઉમરહ અને હજ બન્નેની નિય્યત કરવાની છે.

૨ મકકાહ પહોંચી જરૂરી વ્યવસ્થા કરી, મસ્જિદે હરામ જઈ ઉમરહ (તવાફ અને સઈ) (મારી કિતાબ 'ઉમરહ કેવી રીતે કરવો'માંથી તવાફ અને સઈ વિભાગ વાંચી તે મુજબ કરો.)

મસ્અલહ: સઈ પછી વાળ કાપો કે મૂંડો નહીં.

૩ સઈ પૂરી કરી બીજો તવાફ કરો. આ બીજો તવાફ તવાફે કુદૂમ છે. જે સુન્નત છે.

મસ્અલહ : તમે આ તવાફ પછી હજની સઈ કરવાના હોય તો આ તવાફ સાતે ચકકર ઈઝતિબા સાથે કરવો અને પ્રથમ ત્રણ ચકકરમાં રમલ કરવો.

૪ હવે ફરી સઈ કરો. આ હજની સઈ છે.

મસ્અલહ : હજની સઈ તવાફે ઝિયારત પછી પણ થઈ શકે, પણ હજ્જે કિરાન કરનારા માટે આ તવાફે કુદૂમ પછી કરવી બેહતર અને ઈચ્છનીય છે.

૫ હવે તમે મકકા મુકર્રમહમાં એહરામની હાલતમાં રહેશો. તમે હજ માટે બીજો એહરામ નહીં બાંધો.

૬ પેજ ૬ વાંચી હજના પાંચ દિવસના માર્ગદર્શન મુજબ કરો.

હજ્જે તમત્તુ

જો તમે હજ્જે તમત્તુ કરતા હોવ તો :

૧ મીકાત પહોંચતા અગાઉ કે મીકાત પહોંચી તમે ફકત ઉમરહ કરવાની નિય્યતથી એહરામ બાંધશો. (મારી કિતાબ ‘ઉમરહ કેવી રીતે કરવો’માંથી એહરામ વિશે વાંચી તે મુજબ કરો.)

૨ મકકાહ પહોંચી, જરૂરી વ્યવસ્થા કરો અને મસ્જિદે હરમ જાઓ અને ઉમરહ કરો (તવાફ, સઈ અને હલક/કસ્ર). (મારી કિતાબ ‘ઉમરહ કેવી રીતે કરવો’ માંથી તવાફ, સઈ અને હલક વિશે વાંચી તે મુજબ કરો.)

૩ હલક (વાળ મૂંડાવવા) પછી એહરામની બધી પાબંદીઓ પૂરી થાય છે. તમે મકકાહ મુકર્રમહમાં એહરામ વગર રહેશો.

૪ પેજ ૬ પર જઈ હજના પાંચ દિવસ માટેના માર્ગદર્શન મુજબ કરો.

હજ્જે ઈફરાદ

જો તમે હજ્જે ઈફરાદ કરતા હોવ તોઃ

૧ તમે મીકાત પર પહોંચી કે તે અગાઉ હજની નિય્યતથી એહરામ બાંધશો. (મારી કિતાબ ‘ઉમરહ કેવી રીતે કરવો’ માંથી એહરામ વિભાગ વાંચી તે મુજબ કરો.) પણ યાદ રાખો કે તમારે હજની નિય્યત કરવાની છે, ઉમરહની નહીં.

૨ મકકાહ પહોંચી જરૂરી વ્યવસ્થા કરી મસ્જિદે હરામ જાઓ અને તવાફે કુદૂમ કરો જે સુન્નત છે. પછી મકામે ઈબ્રાહીમની પાછળ બે રકાત પઢો. (મારી કિતાબ ‘ઉમરહ કેવી રીતે કરવો’માંથી તવાફ વિભાગ વાંચી તે મુજબ કરો.)

મસ્અલહ : જો તમે તવાફે કુદૂમ પછી હજની સઈ કરવાના હોવ તો તવાફ સાતે ચકકર ઈઝતિબા સાથે અને પ્રથમ ત્રણ ચકકર રમલ સાથે કરો.

મસ્અલહ : હજ્જે ઈફરાદ કરનાર માટે હજની સઈ તવાફે ઝિયારત પછી કરવી શ્રેષ્ઠ છે.

૩ જો હમણાં સઈ કરવી હોય તો, સફા જાવ. (મારી કિતાબ ‘ઉમરહ કેવી રીતે કરવો’માંથી સઈ વિભાગ વાંચી તે મુજબ કરો.)

૪ હવે તમે મકકાહ મુકર્રમહમાં એહરામની હાલતમાં રહેશો. તમારે હજ માટે બીજો એહરામ બાંધવાનો નથી.

૫ પાનું ૬ વાંચી હજના પાંચ દિવસના માર્ગદર્શન મુજબ કરો.

હજના પાંચ દિવસ

૮મી ઝિલ્હજ પહેલાં

જો તમે હજ્જે ઈફરાદ અને હજ્જે કિરાન કરતા હોવ તો, તમે એહરામની હાલતમાં છો જ. તમારે બીજા એહરામની જરૂર નથી.

તમે હજ્જે તમત્તુ કરતા હોવ તો તમારે હજની નિય્યતથી એહરામ બાંધવો.

૧ ૮મી ઝિલ્હજના તમારે સૂરજ ઊગ્યા પછી મિના જવાનું છે, એટલે ૭મી ઝિલ્હજના બધી તૈયારીઓ પૂરી કરો.

૨ જો તમે હજ્જે તમત્તુ કરતા હોવ તો ૮મી ઝિલ્હજની સવાર પહેલાં પાકસાફ થાવ અને એહરામની ચાદરો બાંધો. ઓરતોએ આ ચાદરો બાંધવાની નથી.

૩ મસ્જિદે હરામ જઈ માથું ઢાંકી એહરામની નિય્યતથી બે રકાત પઢો, અને માથું ખુલ્લું કરી હજની નિય્યત કરો અને તલ્બિયહ (લબ્બય્ક) પઢો. તમે એહરામની હાલતમાં આવી ગયા, અને હવે તમારે જે કેટલીક મનાઈઓ છે તે પાળવાની છે.

મસ્અલહ : હવે જો તમે હજની સઈ કરવાના હોવ જે સામાન્ય રીતે તવાફે ઝિયારત પછી કરાય છે – તો કરી શકો. પણ સઈ તવાફ વિના ન થઈ શકે, એટલે પ્રથમ તમે એક નફલ તવાફ કરી પછી સઈ કરો.

મસ્અલહ : સઈ અગાઉનો આ નફલ તવાફ સાતેય ચકકર ઈઝતિબા અને પ્રથમ ત્રણ ચકકર રમલ સાથે થાય છે. (હજ અને ઉમરહ વિષે વપરાતા શબ્દોના અર્થ જાણવા અમારી કિતાબ 'ઉમરહ કેવી રીતે કરવો'ને અંતે આપવામાં આવેલ શબ્દકોષનો ઉપયોગ કરો) નિયમ યાદ રાખો – જે તવાફ પછી સઈ કરો તે તવાફ ઈઝતિબા અને રમલ સાથે કરવો.

મસ્અલહ : હજ્જે તમત્તુ કરનાર માટે તવાફે ઝિયારત પછી સઈ કરવી બેહતર છે.

મસ્અલહ : હજ્જે તમત્તુ કરનાર ૮મી ઝિલ્હજ અગાઉ ગમે ત્યારે હજ માટે એહરામ બાંધી શકે.

મસ્અલહ : પુરૂષો માટે હજની નિય્યત મસ્જિદે હરામમાં કરવી અફઝલ અને મુસ્તહબ છે.

નોંધ : (સાત તારીખ) ઘણા લોકો સગવડ ખાતર અથવા મિનામાં સારી જગ્યા નહીં મળે એવા ડરથી ઈશા પછી રાતે મિના જવા રવાના થાય છે. આ સુન્નત તરીકો નથી. વળી બિનજરૂરી મુશ્કેલી ગણાય. એટલે મસ્નૂન રીત પ્રમાણે ૮મી ઝિલ્હજના સૂરજ ઊગ્યા પછી મકકાથી નીકળો.

નોંધ : મુઅલ્લિમ/મુઅસ્સસહ (યૂરપ સ્થિત) સાથે હજ કરનારા માટે સમૂહમાં હજના પાંચ દિવસ માટે ખાનગી વાહનની વ્યવસ્થા કરવી સલાહ ભર્યુ છે. આનાથી ઘણી મુશ્કેલીઓ સરળ થશે અને આરામથી મુસાફરી કરાશે.

નોંધ : શકય એટલો ઓછો સામાન સાથે લો. ચાદર, સૂવાની બેગ, એક જોડ કપડાં, સાબુ, ટિસ્યુ અને ટુવાલ પૂરતાં છે.

પહેલો દિવસ (૮મી ઝિલ્હજ)

૧ સૂરજ ઊગ્યા પછી મિના જવા નીકળો, તલ્બિયહ પઢતા રહો.

૨ મિનામાં રહી ઝોહર, અસ્ર, મગરિબ, ઈશા અને બીજા દિવસની ફજર પઢો. રાત મિનામાં ગુજારો.

મસ્અલહ : મિનામાં આ પાંચ નમાજો પઢવી મુસ્તહબ છે.

મસ્અલહ : મિનામાં રાત ગુજારવી સુન્નત છે.

મસ્અલહ : આ દિવસની કોઈ ખાસ સૂચિત બંદગી નથી.

હરપળે ઈબાદત, ઝિક્ર, તલ્બિયહ વધુને વધુ પઢો ઈસ્તિગફાર, તિલાવત, દુરુદ શરીફ પઢો. અને શીખો, શીખવાડો.

મસ્અલહ : તમે હજ માટે મકકામાં આવ્યા ત્યારે જો ૮મી ઝિલ્હજ અગાઉ સતત ૧૫ કે તેથી વધુ દિવસો મકકાહમાં રહેવાનો ઈરાદો હોય તો તમે મુકીમ થયા, એટલે તમે હજના પાંચ દિવસ બધી નમાજો પૂરી પઢશો. પણ તમે મકકાહમાં ૧૫ દિવસથી ઓછું રહયા હોય તો તમે મુસાફિર છો, એટલે કસ્ર પઢશો તેથી ઝોહર, અસ્ર અને ઈશાની બે રકાત ફરજ પઢવી. સિવાય કે તમે મુકીમ ઈમામની પાછળ નમાજ પઢતા હોય. એવી જ રીતે, ઈદુલ અદહાની કુરબાની પણ મુકીમ નિસાબ ધરાવતો હોય તો તેના પર વાજિબ છે, પણ મુસાફિર પર નહીં. આ ઈદુલ અદહાની કુરબાની ગમે ત્યાં આપી શકાય, અને હાજી ઘરેથી વિદાય થાય તે અગાઉ પણ આ કુરબાની વિષેની સૂચના આપી શકે. જે કુરબાની હજના કારણે વાજીબ થાય છે તેની સમજૂતિ માટે પેજ ૨૦ વાંચો.

મસ્અલહ : હજ દરમિયાન પણ તશ્રીકની તકબીરો ૯મી ઝિલ્હજની ફજરથી ૧૮મી ઝિલ્હજની અસ્ર સુધી પઢવી.

નોંધ : મિનામાં રહો તે દરમિયાન ઓછું ખાઓ. ફળો અને પ્રવાહી પર રહો. આમાં રાહત રહેશે.

અરફાતની દુઆ

હદીષ શરીફમાં છે : જયારે કોઈ અરફાતના દિવસે અરફાતમાં ઝવાલ પછી, કિબ્લા તરફ મોઢું રાખી નીચેની (દુઆ) કરે છે ત્યારે અલ્લાહ કહે છે :

હે મારા ફરિસ્તાઓ ! મારો બંદો કે જેણે મારો મહિમા કર્યો, પ્રશંસા કરી, મારા એકત્વ અને મહાનતાનો ઉલ્લેખ કર્યો અને મારા રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર દુરુદ મોકલ્યાં તેનો શું બદલો છે ?
મેં તેને માફ કર્યો અને તેની જરૂરિયાતો વિશેની તેની વિનંતી સ્વીકારી અને મારો બંદો અરફાતમાં છે તે બધા માટે ભલામણ કરશે તો હું સ્વીકારીશ અને તે જે ઈચ્છે તે માંગે. હું તેને આપીશ.

૧૦૦ વાર	ચોથો કલિમહ	
૧૦૦ વાર	સુરએ ઈખ્લાસ	
૧૦૦ વાર	દુરુદે ઈબ્રાહીમ :	અલ્લાહુમ્મ સલ્લે અલા મુહમ્મદિંવ વઅલા આલે મુહમ્મદિન કમા સલ્લયત અલા ઈબ્રાહીમ વ અલા આલે ઈબ્રાહીમ ઈન્નક હમીદુમ મજીદ વ અલયના મઅહુમ

લેખક તથા આ કિતાબ પ્રગટ કરવામાં સહાયક થનાર સૌને દુઆમાં યાદ રાખશો.

બીજો દિવસ (૯મી ઝિલ્હજ)

અરફાત

૧ સૂરજ ઊગ્યા પછી અરફાત જવા નીકળો. રસ્તે તલ્બિયહ, દુઆ, દુરુદ, ઝિક્ર અને તકબીર પઢતા રહો.

મસ્અલહ : સૂરજ ઊગતાં પહેલાં મિના છોડવું સુન્નતની વિરુધ્ધ છે.

૨ અરફાત પહોંચી ઝવાલ પહેલાં જરૂરી વ્યવસ્થા કરી લો. જરૂરિયાતોથી ફારિગ થાવ.

મસ્અલહઃ અરફાતમાં વુકૂફ (રોકાણ) નો સમય ૯મી ઝિલ્હજના ઝવાલથી શરૂ થઈ બીજી સવારના સુબ્હ સાદિકના પૂરો થાય છે. આ દરમિયાનનો થોડો સમય પણ અરફાતમાં રોકાવું ફર્ઝ છે. અરફાતમાં સૂરજ આથમ્યા સુધી રહેવું વાજિબ છે.

અરફાતનો વુકૂફ

૩ ઝોહર નમાજનો સમય થાય કે તરત વઝુ કરો (ગુસ્લ બેહતર છે, શકય હોય તો).

૪ ઝોહર પઢો અને ઈબાદતમાં લાગો. દુરુદ, ઝિક્ર, તસ્બીહ, અલ્લાહનાં વખાણ, તલ્બિયહ પઢવું મુસ્તહબ છે. પોતાના માટે, કુટુંબીઓ, મિત્રો અને પૂરી ઉમ્મત માટે દિલપૂર્વક દુઆ કરો. આ સેવક, તેનું કુટુંબ તથા આ કિતાબના પ્રકાશનમાં સહકાર આપનાર સૌને દુઆમાં યાદ રાખશો. જે ઝિક્ર કરો તેને દર વખતે ત્રણ વાર પઢો.

૫ અસ્ર નમાજ તેના સમયે પઢો અને પછી સૂરજ આથમે ત્યાં સુધી ઈબાદતમાં લાગો.

મસ્અલહ : હજની બીજી કિતાબોમાં ઝોહર અને અસ્રની નમાઝો અરફાતમાં ભેગી કરીને પઢવાનું લખ્યું છે, પણ ઝોહર અને અસ્ર તો જ ભેગી થશે જો,

(ક) અરફાતમાં કે નજીક પઢાય, (ખ) ૯મી ઝિલ્હજ હોય,

(ગ) સુલતાન કે તેના પ્રતિનિધિ હાજર હોય,

(ઘ) પઢનાર હજના એહરામમાં હોય,

(ચ) પ્રથમ ઝહોર પઢાય અને પછી અસ્ર

(છ) જમાઅત સાથે પઢાય.

જો આમાંની એક કે વધુ બાબતો ગેરહાજર હોય તો બન્ને નમાજો તેમના સમયે પઢવી વાજિબ છે. સામાન્યરીતે આપણે જયાં હોય ત્યાં એ બાબતો પૂરી થતી નથી માટે આપણે તંબુમાં નમાજ પઢીએ ત્યારે આમ જ પઢાય, તેથી બે નમાજો તેમના સમયે અલગઅલગ પઢાય.

નોંધ : અરફાતમાં મસ્જિદે જવું સલાહભર્યુ નથી, કેમ કે અરફાતનું મેદાન વિશાળ છે અને તંબુઓ એક સરખા,એટલે રસ્તો ભૂલવાનો ડર રહે. એ જ રીતે, જબલે રહમત જોવા બહાર ન જાવ જો કે, તેની નજીક વુકૂફની ફઝીલત છે.

મસ્અલહ : ઊભા રહી, કિબ્લા તરફ મોઢું રાખી, દુઆમાં હાથ ઊઠાવી દુઆ માંગવાની ફઝીલત અને મુસ્તહબ છે. બેસવા અને આડા પડખે થવાની પણ છૂટ છે. પણ ઉઝર વગર આડા પડવું મકરુહ છે. જો હાજી થાકી જાય તો બેસી જાય અને પછી ઊભો થાય.

મસ્અલહ : વુકૂફ દરમિયાન જબલે રહમત પર ચઢવું બિદઅત છે.

મસ્અલહ : દુઆઓની વચ્ચે વચ્ચે તલ્બિયહ પઢો.

મસ્અલહ : પુરુષો અને સ્ત્રીઓ માટે ભેગાં ઊભા રહેવાની મનાઈ છે.

મસ્અલહ : અરફાતમાં જુમ્આની નમાજ પઢવાની નથી. જુમ્આહના દિવસે પણ ઝોહર પઢો.

અગત્યની નોંધ : વુકૂફ દરમિયાન સાંજ સુધી ઈબાદતમાં રહો. અલ્લાહને વધુમાં વધુ યાદ કરો અને રડી રડીને તમારી આ દુનિયાની અને આખેરતની તમામ જાઈઝ જરૂરિયાતો પૂરી થાય એવી તેની પાસે દુઆ માંગો. બેદરકારી કે બેકાળજી ન થાય તે જુઓ. આવી તક તમને ફરી ન પણ મળે. ઝઘડામાં ન પડો અને બેકાર વાતો ન કરો. રડી, કરગરી તમારા માટે, માબાપ, કુટુંબ, મિત્રો અને સમગ્ર મુસ્લિમ ઉમ્મતની મગફેરત માટે દુઆ માંગો. અલ્લાહની રઝામંદી અને જન્નત માંગો અને તેના ગુસ્સા અને દોઝખથી તેની પનાહ માંગો.

આ આજીઝ લેખક, તેનું કુટુંબ, મિત્રો અને આ પુસ્તિકાના પ્રકાશન સાથે સંકળાયેલા તમામને પણ તમારી દુઆમાં યાદ રાખવા વિનંતી.

૬ સૂરજ આથમ્યા પછી મુઝદલિફહ જવા નીકળો. મગરિબની નમાજ અરફાતમાં ન પઢો.

મસ્અલહ : અરફાતમાંથી સૂર્યાસ્ત પહેલાં નીકળવાની મનાઈ છે.

મુઝદલિફહ

૧ સૂરજ આથમ્યા પછી, તલ્બિયહ, તકબીર, દુઆ, દુરુદ શરીફ વગેરે પઢતા પઢતા મુઝદલિફહ જાવ.

નોંધ : મુઝદલિફહમાં જાજરૂની સગવડ ઓછી છે તેથી અરફાત છોડતાં અગાઉ ફારેગ થવું હિતાવહ છે.

મસ્અલહ : મગરિબ કે ઈશા અરફાતમાં કે મુઝદલિફહના રસ્તે ન પઢો. મુજદલિફહમાં ઈશા સમયે મગરિબ અને ઈશા સાથે પઢવી વાજિબ છે.

મસ્અલહ : જો તમે મુઝદલિફહમાં ઈશાના સમય અગાઉ પહોંચો તો ઈશાનો સમય ન થાય ત્યાં સુધી મગરિબ ન પઢો.

મસ્અલહ : ટ્રાફિક કે અન્ય કારણે જો સુબ્હ સાદિક અગાઉ મુઝદલિફહ ન પહોંચાય તો સુબ્હ સાદિક પહેલાં જયાં હોય ત્યાં બન્ને નમાજો પઢે.

મસ્અલહ : એકલા પઢો કે જમાઅત સાથે, બેવ સુરતમાં બન્ને નમાજો ભેગી પઢવી.

મુઝદલિફહમાં :

૧ ઈશાનો સમય થાય ત્યારે મગરિબ અને ઈશા એક અઝાન અને એક ઈકામહ સાથે નીચે મુજબ પઢો. :

ક. અઝાન પઢો,

ખ. ઈકામહ પઢો,

ગ. મગરિબની ફર્ઝ પઢો,

ઘ. ઈશાની ફર્ઝ પઢો,

ચ. મગરિબની સુન્નત પઢો,

છ. ઈશાની સુન્નત તથા વિત્ર વાજિબ પઢો.

૨ નમાજ પછી ખાવાપીવાની તથા હાજતની જરૂરિયાતો પૂરી કરો. બાકીની રાત ઈબાદતમાં ગુજારો. આ રાત પણ ઘણી બરકતવંત છે.

મસ્અલહ : સુબ્હ સાદિક સુધી મુઝદલિફહમાં રહેવું સુન્નતે મુઅકકદહ છે, અને તિલાવત, દુઆ અને ઈબાદતમાં જાગતા રહેવું મુસ્તહબ છે.

મસ્અલહ : ભીડ અને ટોળાંને કારણે ઓરતો માટે તથા બીમાર અને અપંગ માટે મુઝદલિફહનું રોકાણ ન કરવાની છૂટ છે.

૩ જમરાતને મારવા માટે કાંકરા (વટાણા કે ખજૂરના ઠરિયાના કદના) ભેગા કરી થેલીમાં મૂકો. જો તમે ૧૨મી ઝિલ્હજના જમરાતને કાંકરા મારી મિના છોડવાના હોવ તો કુલ ૪૯ કાંકરા જોઈશે, પણ ૧૩મી ઝિલ્હજના જમરાતને કાંકરા મારવા થોભવાના

હોવ તો કુલ ૭૦ કાંકરા જોઈશે. :

૧૦ મી ઝિલ્હજ	૭ કાંકરા
૧૧ મી ઝિલ્હજ	૨૧ કાંકરા
૧૨ મી ઝિલ્હજ	૨૧ કાંકરા
૧૩ મી ઝિલ્હજ	૨૧ કાંકરા

મસ્અલહ : મુઝદલિફહ સિવાયની જગ્યાએથી પણ આ કાંકરા લેવાની છૂટ છે. પરંતુ જમરાતની નજીકથી કે ગંદી જગ્યાએથી લેવા નહીં.

બીજો દિવસ (૯મી ઝિલ્હજ)

ત્રીજો દિવસ (૧૦મી ઝિલ્હજ)

મુઝદલિફહમાં રોકાણ

૧ સમય થાય કે તરત ફજર નમાઝ પઢો.

મસ્અલહ : મુઝદલિફહનું રોકાણ વાજિબ છે અને એનો સમય સુબ્હ સાદિકથી શરૂ થઈ સૂરજ ઊગતાં પૂરો થાય છે. જો કોઈ આ દરમિયાનનો થોડો સમય પણ મુઝદલિફહમાં ગાળે તો તેનું વુકૂફ પૂરું થાય છે. પરંતુ, સૂરજ ઊગવાના થોડા સમય અગાઉ સુધી રહેવું વધુ યોગ્ય છે.

મસ્અલહ : જો કોઈ સુબ્હ સાદિક અગાઉ મુઝદલિફહ છોડી જાય કે સૂરજ ઊગ્યા પછી મુઝદલિફહમાં આવે તો આ જવાબદારી પૂરી થશે નહીં.

મસ્અલહ : હજ કરનારા માટે ઈદની નમાજ નથી.

નોંધ : તમે મિનામાં જાવ તે દિવસનો મકકાહમાં ફજરનો સમય નોંધી લો. મુજદલિફહમાં પણ ફજરનો આ જ સમય છે. ઘણા લોકો અજ્ઞાનને કારણે મુઝદલિફહમાં ફજર નમાજ સમય પહેલાં પઢી તરત સુબ્હ સાદિક અગાઉ મિના જવા નીકળી પડે છે. આમાં તેઓ મુજદલિફહનો વુકૂફ ચૂકી જાય છે અને તેઓ ઉપર દમ લાગુ પડે છે. યાદ રાખો, તમારા સમયને અનુસરો અને બીજાને અનુસરી ફજર પહેલાં મુઝદલિફહ ન છોડો.

૨ શકય હોય ત્યાં સુધી, મુઝદલિફહમાં સૂરજ ઊગવાના થોડા સમય અગાઉ સુધી ઈબાદતમાં રહો. કિબ્લા તરફ મોઢું કરી ઊભા રહો અને તલ્બિયહ, તસ્બીહ પઢો અને દુઆ માંગો.

મિના

૧ સૂરજ ઊગવાની ૨–૩ મિનિટ અગાઉ, તલ્બિયહ, ઝિક્ર કરતા કરતા

મિના જવા નીકળો.

૨ મિના પહોંચી નીચેના અરકાનો અદા કરો :

(ક) રમી : મોટા શયતાનને કાંકરા મારવા (વાજિબ)

(ખ) નહર : જાનવરની કુરબાની (વાજિબ)

(ગ) હલક કે કસ્ર : વાળનું મૂંડન કે વાળ કાપવા (વાજિબ)

(ઘ) તવાફે ઝિયારત (ફરજ)

નોંધ : આ બધા વિશે માહિતી અલગ રીતે હવે પછીના લખાણમાં આવશે.

અગત્યની નોંધ : હજ્જે કિરાન કે હજ્જે તમત્તુ કરનાર માટે (ક) (ખ) (ગ) તેના ક્રમમાં કરવા વાજિબ છે. ન કરે તો દમ લાગુ પડશે. કાંકરા મારતા પહેલાં વાળ ન મૂંડાવો. ક્રમ પ્રમાણે પ્રથમ રમી (કાંકરા), પછી નહર (જાનવરની કુરબાની) અને છેલ્લે હલક (વાળ મૂંડાવવા). આ શબ્દ યાદ રાખો કાં કુ મૂં

૧ કાંકરા

૨ કુરબાની

૩ (વાળ) મૂંડાવવા

નોંધ : જો કુરબાની કોઈ વ્યક્તિ કે સંસ્થા દ્વારા કરાવવાની હોય તો, હાજીએ સમય નકકી કરવો અને તે જ સમયે કુરબાની થાય તેની ખાત્રી કરવી. જો નકકી સમયે કુરબાની ન થાય અને તે માથું મૂંડાવી લે તો દમ લાગુ પડશે.

મસ્અલહ : હજ્જે ઈફરાદ કરનારા માટે નહર (જાનવરની કુરબાની) વાજિબ નથી. એ ફકત મુસ્તહબ છે. એટલે તે રમી (કાંકરા મારવા) પછી તરત માથું મૂંડાવી શકે. તેમણે નહરનો મુસ્તહબ અમલ કરવો હોય તો મૂંડન પહેલાં કે પછી કરવાની છૂટ છે. પરંતુ તેમના માટે પણ ક્રમસર કરવું મુસ્તહબ છે.

ત્રીજા દિવસ (૧૦મી ઝિલ્હજ) ના ચાર અરકાનોની ચર્ચા અલગ રીતે વિગતે અહીં આપી છે. :

રમી (કાંકરા મારવા)

આજે (૧૦મી ઝિલ્હજ) તમે ફકત જમરતુલ ઉકબા એટલે મોટા શયતાનને સાત કાંકરા મારશો.

નોંધ : મિનાની મુખ્ય મસ્જિદ – મસ્જિદ ખૈફ પાસે ત્રણ થાંભલા છે જેને લોકો શયતાન કે જમરાત કહે છે. મસ્જિદે ખૈફથી સૌથી નજીક નાનો અને સૌથી દૂર મોટો શયતાન છે.

મસ્અલહ : રમી વાજિબ છે. ન કરવાથી દમ લાગુ પડશે.

મસ્અલહ : ૧૦મી ઝિલ્હજના બીજા બે જમરાત વચલા અને નાનો શયતાનને કાંકરા મારવા બિદઅત (દીનમાં નવી પ્રથા) છે.

રમીનો સમય

૧૦મી ઝિલ્હજે રમીનો સમય સુબ્હ સાદિકથી શરૂ થઈ બીજા દિવસની સુબ્હ સાદિકે પૂરો થાય છે. આ સમય નીચે મુજબ વિભાજીત થાય છે. :

સુબ્હ સાદિકથી સૂર્યોદય સુધી	મકરૂહ
સૂર્યોદયથી ઝવાલ સુધી	મસ્નૂન
ઝવાલથી સૂર્યાસ્ત સુધી	મુબાહ
સૂર્યાસ્તથી સુબ્હ સાદિક સુધી	મકરૂહ

મસ્અલહ : સ્ત્રીઓ, બીમારો અને અપંગો જેમને ભીડનો ડર હોય તેમના માટે કોઈપણ સમય મકરૂહ નથી. સ્ત્રીઓ માટે રાતના સમયે રમી કરવાની ફઝીલત છે.

અગત્યની નોંધ : શકય હોય તો મસ્નૂન કે કમસે કમ મુબાહ સમયે કાંકરા મારો. પણ અનુભવ બતાવે છે કે, આ યુગમાં લાખો હાજીઓ હોવાથી પોતાને કે અન્ય મુસ્લિમોને ઈજા પહોંચાડયા વગર મસ્નૂન સમયે આ અમલ મુશ્કેલ છે. કયારેક તંદુરસ્તી અને જાનનો પણ ખતરો રહે છે. તેથી રમી મગરિબ અગાઉ મુબાહ સમયે કરવી હિતાવહ છે. જો આ સમયે પણ ભીડ ઘણી હોય તો સ્ત્રીઓ અને બીમારો સલામત જગ્યાએ થોભી જાય અને બીજા બધા પોતાની રમી પૂરી કરે તે પછી મગરિબ, ઈશા પછી કે સુબ્હ સાદિક અગાઉ જયારે અનુકુળ હોય ત્યારે રમી કરે. ઘણા ભાઈઓ મસ્નૂન સમયના ઉત્સાહમાં સ્ત્રીઓ, કમજોરો અને અપંગોને સાથે લઈ જાય છે અને ઘણી મુશ્કેલીમાં મૂકાય છે. આમ ન કરો. ઈલાજ અને અફસોસ કરતાં સાવચેતી સારી. જરૂર પડે તંદુરસ્ત માણસ પણ મગરિબ પછી રમી કરી શકે. યાદ રાખો, મુસ્લિમને પીડા પહોંચાડવી હરામ છે જયારે મગરિબ પછી રમી કરવી ફકત મકરૂહ છે, અને જરૂરત વખતે મકરૂહ પણ નથી રહેતી.

રમીની રીત

૧ મોટા શયતાન પાસે આવો અને આશરે અઢી કે તેથી વધુ વારના અંતરે એવી રીતે ઊભા રહો કે તમારી જમણી બાજુ મસ્જિદે ખૈફ હોય અને ડાબી બાજુ મકકાહ.

૨ સાત કાંકરા એક પછી એક મારો, જમણા હાથના અગૂંઠા અને પહેલી આંગળીથી, દરેક વખતે બિસ્મીલ્લાહી અલ્લલ્લાહુ અકબર બોલો.

મસ્અલહ : પ્રથમ કાંકરો મારવાની સાથે તલ્બિયહ પઢવાનું બંધ કરો. તમે બીજો ઝિક્ર, તસ્બીહ કરી શકો.

મસ્અલહ : જો સાતે કાંકરા એક સાથે મારશો તો એક જ કાંકરો ગણાશે.

મસ્અલહ : જો કાંકરો થાંભલાની ઉપર નહીં પણ તેની નજીક પડે તો બરાબર ગણાશે; પણ એ થાંભલાથી દૂર પડે (થાંભલાની ચોતરફના ખાડાની બહાર) તો રમી રદ ગણાશે.

મસ્અલહ : કાંકરા મારવાની આ રીત મુસ્તહબ છે. આમ તો તમે ઈચ્છો તે દિશાએથી કાંકરા મારવાની છૂટ છે.

મસ્અલહ : કાંકરા મારતી વખતે તમારો હાથ એટલો ઊંચો કરો કે બગલ દેખાય.

મસ્અલહ : મોટા શયતાનને કાંકરા માર્યા પછી દુઆ નથી. કાંકરા માર્યા પછી પોતાની જગ્યાએ ચાલ્યા આવો.

અગત્યનો મસ્અલહ : જે વ્યકિત જમરાત સુધી ચાલીને, વાહનમાં કે વ્હીલચેરમાં બેસીને પહોંચી શકે, અને પીડા કે બીમારી વધવાનો ભય ન હોય તેણે કાંકરા મારવા જરૂરી છે. તેના માટે અવેજીમાં બીજા પાસે મરાવવા જાઈઝ નથી. જો તે જમરાત સુધી ચાલી ન શકે અને જવાનું સાધન ન હોય તો તેની સૂચનાથી તેના વતી બીજો મારી શકે.

ઘણા લોકો યોગ્ય શરઈ કારણ વિના બીજા વતી કાંકરા મારે છે. આ સંજોગોમાં રમી થતી નથી અને દમ વાજિબ થાય છે. સ્ત્રીઓ કે અશકતોએ ડરવાની જરૂર નથી. ઈશાની નમાઝ પછી જાવ તો રસ્તો સાફ હશે.

મસ્અલહ : ભીડ કોઈને કાંકરી મારવા માટે નાયબ બનાવવાનું શરઈ ઉઝર નથી.

નહર (જાનવરની કુરબાની)

૧ રમી કર્યા પછી જાનવર કુરબાન કરો.

મસ્અલહ : આ કુરબાની દમે શુક્ર કહેવાય છે, અને હજ્જે કિરાન અને હજ્જે તમત્તુ કરનારા પર વાજિબ તથા હજ્જે ઈફરાદ કરનારા પર મુસ્તહબ છે. પેજ ૧૬ ઉપર **મિના** શિર્ષક હેઠળ અગત્યની નોંધ વાંચો (ક્રમવાર કરવા વિશે)

નોંધ : દમે શુક્ર અને ઈદુલ અઝહાની વાર્ષિક કુરબાની વિશે ગૂંચવાડામાં ન પડો. દમે શુક્ર ફકત હજ્જે કિરાન કે હજ્જે તમત્તુ કરનારા માટે વાજિબ છે, જયારે કુરબાની જે નિસાબનો માલિક છે, અને જે (શરઈ) મુસાફિર નથી એવા દરેક શાણા, પુખ્ત વયના મુસ્લિમ પર પ્રતિ વર્ષ વાજિબ છે.

નોંધ : ઈદુલ અઝહાની વાર્ષિક કુરબાની તમારા પર વાજિબ છે કે નહીં તે જાણવા પેજ ૮૫૨ **પ્રથમ દિવસ** શિર્ષક હેઠળ મસ્લહ વાંચો.

મસ્અલહ : હજ્જે કિરાન અને હજ્જે તમત્તુ કરનારાએ નિય્યત કરવી કે કુરબાની હજ્જે કિરાન કે હજ્જે તમત્તુ માટે છે, નહિતર કુરબાની અદા થશે નહીં.

મસ્અલહ : પોતે જાનવર ઝુબહ કરવું વધુ ફઝીલત વાળું છે. જો તમે ન કરી શકો તો ઝુબહ થતા જોવું મુસ્તહબ છે. કુરબાનીના જાનવરનો થોડો ગોસ્ત પણ ખાવો મુસ્તહબ છે.

નહરનો સમય

૨મી પછી ૧૨મી ઝિલ્હજ ના સૂર્યાસ્ત સુધીમાં ગમે ત્યારે કુરબાની થઈ શકે. પરંતુ હજ કિરાન અને હજ તમત્તુ કરનાર કુરબાની ન થઈ જાય ત્યાં સુધી માથું મૂંડાવી શકે નહીં (એહરામમાંથી બહાર આવી શકશે નહીં).

હલક/કસ્ર (વાળ મૂંડાવવા/કપાવવા)

૧ હવે વાળ મૂંડાવો કે કપાવો. કિબ્લા તરફ મોઢું રાખી બેસો અને જમણી બાજુથી શરૂ કરો. સ્ત્રીઓ તેમના વાળને છેડેથી એક ઈંચથી થોડા વધુ વાળ કાપે. તેમના માટે માથું મૂંડાવવું હરામ છે.

મસ્અલહ : વાળ કપાવવા કરતાં મૂંડાવવાની ફઝીલત છે. પયંગબર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે માથું મૂંડાવનારાઓ માટે ત્રણ વાર અને વાળ કપાવનારાઓ માટે એક જ વાર દુઆ કરેલી.

મસ્અલહ : એહરામમાંથી બહાર આવવા કમસેકમ ચોથા ભાગનું માથું મૂંડાવવું કે વાળ કપાવવા વાજિબ છે અને આખું માથું મૂંડાવવું કે બધા કપાવવા સુન્નત છે. પરંતુ ફકત ચોથા ભાગનું માથું મૂંડાવવું કે વાળ કપાવવા મકરૂહ તહરીમી (મનાઈ) છે.

મસ્અલહ : કસ્ર (વાળ કપાવવા) નો અર્થ દરેક વાળ ઓછામાં ઓછો એક ઈંચ કપાવવો. જો વાળની લંબાઈ એક ઈંચથી ઓછી હોય તો મૂંડાવવું વાજિબ છે. કસ્ર જાઈઝ નથી.

અગત્યની નોંધ : ઉપરની રીતે હલક કે કસ્ર કરવું વાજિબ છે. આ અમલ પૂરો ન કરે ત્યાં સુધી એહરામની પાબંદી રહેશે. ઘણા લોકો આમતેમ થોડા વાળ કાપે છે, અને માને છે કે તેમનો એહરામ પૂરો થયો. યાદ રાખો, ઉપર જણાવ્યા મુજબ વાળ મૂંડાવે કે કાપે નહીં ત્યાં સુધી તે એહરામની હાલતમાં રહેશે અને બધી પાબંદી લાગુ પડશે. જો તે સામાન્ય કપડાં વગેરે પહેરી લેશે તો દમ આપવો પડશે.

મસ્અલહ : હલક પહેલાંના બધા અરકાન પૂરા કરી લીધા હોય તો હાજી પોતે પોતાનું માથુ મૂંડી શકે, તેમજ તે બીજા મુસ્લિમભાઈનું માથું પણ મૂંડી શકે.

૨ હવે પત્ની સાથે સહશયન સિવાયની એહરામની બધી પાબંદીઓ પૂરી થઈ. સહશયનની પાબંદી તવાફે ઝિયારત પછી ઊઠશે.

તવાફે ઝિયારત

૧ હવે મકકા જાઓ અને તવાફે ઝિયારત કરો જે હજમાં ફર્ઝ છે.

તવાફે ઝિયારત કર્યા પછી પત્ની સાથે સંભોગની પાબંદી હટી જાય છે.

મસ્અલહ : તવાફે કુદૂમ (હજ્જે કિરાન અને હજ્જે ઈફરાદ કરનારા માટે) પછી કે હજનો એહરામ બાંધ્યા પછી (હજ્જે તમત્તુ કરનારા માટે) સઈ કરી લીધી હોય તો તમારે ફરી સઈ કરવાની જરૂર નથી, અને આ તવાફ રમલ અને ઈઝતિબા વગર થશે. પરંતુ સઈ હજુ કરવાની બાકી હોય તો પ્રથમ ત્રણ ચકકરમાં રમલ અને (હજુ એહરામની ચાદરો પહેરેલ હોય તો) સાતેય ચકકરમાં ઈઝતિબા કરે. અને અગર એહરામની ચાદરો ઉતારી રોજીંદા કપડાં પહેરી લીધાં હોય તો ઈઝતિબા મઆફ થઈ જશે.

તવાફે ઝિયારતનો સમય

તવાફે ઝિયારતનો સમય ૧૦મી ઝિલ્હજની સુબ્હ સાદિકથી શરૂ થઈ ૧૨ની ઝિલ્હજના સૂર્યાસ્ત સમયે પૂરો થાય છે. ૧૦મી ઝિલ્હજના કરવાની ફઝીલત છે.

મસ્અલહ : ૧૨મી ઝિલ્હજના સૂર્યાસ્ત પહેલાં સુધી તવાફે ઝિયારત કરી લેવો વાજિબ છે. મોડું થાય તો દમ લાગુ પડશે. માસિક આવ્યું હોય તે સ્ત્રી પાક થાય ત્યાં સુધી તવાફ મુલતવી રાખે. આ સંજોગોમાં તેના માટે ૧૨મી તારીખથી મોડું કરવા ઉપર દમ નથી.

નોંધ : આ યુગમાં સ્ત્રીઓ અને વૃધ્ધો વગેરે તવાફ ૧૧મી કે ૧૨મી ઝિલ્હજ સુધી મુલતવી રાખે તે બહેતર છે. પરંતુ તમે ૧૨મી ઝિલ્હજના તવાફ માટે જાવ તો ઝોહર અગાઉ મિના પાછા ફરો; નહિતર મકકા જતાં વાહનોને લીધે મિના પહોંચવામાં મુશ્કેલી થશે.

મસ્અલહ : તવાફે ઝિયારત ૨મી, નહર અને હલક ની અગાઉ, પછી કે દરમિયાનમાં થઈ શકે. પરંતુ હલક પછી કરવો સુન્નત છે.

મસ્અલહ : જો તવાફે ઝિયારત હલક પહેલાં કર્યો તો હલક સુધી એહરામની કોઈ પાબંદીઓ ઊઠશે નહીં.

ખૂબ જ અગત્યનો મસ્અલહ : તવાફે ઝિયારત ફર્ઝ છે, એટલે તેના વગર હજ અધૂરી રહેશે. માસિક અટકાવ (હૈઝ) વાળી સ્ત્રીઓ આ તવાફ મુલતવી રાખે પણ તે તદન છોડી ન શકે. જો તે તવાફે ઝિયારત કર્યા વગર ઘરે પરત આવી તો તેની હજ અધૂરી રહેશે અને ગમે તેટલા સમયે મકકાહ પાછા જઈ તવાફે ઝિયારત ન કરે ત્યાં સુધી પતિ સાથે સંભોગ હરામ ગણાશે.

૨ બે રકાત પઢો, શકય હોય તો મુલ્તઝમ પર દુઆ કરો અને ઝમઝમના કૂવા પાસે જઈ ધરાઈને પાણી પીઓ.

૩ હવે સઈ કરો (જો સઈ કરી લીધી હોય તો ફરી કરવાની જરૂર નથી.)

૪ હવે મિના પાછા જાવ.

મસ્અલહ : મિનામાં રાત ગાળવી સુન્નત છે. મિના છોડી બીજે રાત પસાર કરવી મકરૂહ છે.

નોંધ : ઘણા લોકો આ સુન્નત અમલને ગંભીરતાથી લેતા નથી. તેમને સમજ નથી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સુન્નતનું મહત્વ ઓછું આંકવાથી કે તેનો ત્યાગ કરવાથી તેઓ પોતાના પર કેવી બરબાદી નોતરે છે. થોડા આરામ માટે હજના રૂહાની ફાયદા ગુમાવો નહીં. મકકાહની હોટલોમાં આરામદાયક રાત કરતાં મિનાની જમીન પર રાત ગાળવાની ઘણી જ ફઝીલત છે.

નોંધ : ઘણા લોકો હજના છેલ્લા બે દિવસ ખૂબ જ બેદરકારીમાં વિતાવે છે. મિનામાં છેલ્લા દિવસ સુધી ઈબાદતમાં મશ્ગુલ રહો અને અલ્લાહ તઆલા પ્રત્યેની ફરજનું ભાન રાખો.

*

હઝરત ઈબ્ને અબ્બાસ રદિઅલ્લાહુ અન્હુમાથી રિવાયત છે કે સહાબિયહ રદિઅલ્લાહુ અન્હા (જે મુસ્લિમ સ્ત્રીએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને નજરે જોયા) એ એકવાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કહયું : 'યા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ, મારા પિતા પર એવા સમયે હજ ફર્ઝ થઈ છે કે હવે જયારે તે ખૂબ જ વૃધ્ધ અને અશકત છે. તે ઊંટ (કે ઘોડા) પર બેસી રહેવા માટે શકિતમાન નથી. હું તેમના બદલે (તેમના વતી) હજ કરવા જઈ શકું?' રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યુંઃ 'હા, તું જઈ શકે.'

બુખારી, મુસ્લિમ

ચોથો દિવસ (૧૧મી ઝિલ્હજ)

રમી

આજે એક જ અમલ કરવાનો છે તે છે રમી, જે વાજિબ છે. તમે ત્રણેવ જમરાતને અલગ અલગ સાત સાત કાંકરા મારશો. આ જમરાત નાનો શયતાન, વચલો શયતાન અને મોટો શયતાન કહેવાય છે.

મસ્અલહ : જમરાતને ક્રમમાં કાંકરા મારવા સુન્નત છે. પ્રથમ નાના શયતાનને, પછી વચલા શયતાનને અને છેલ્લે મોટા શયતાનને.

રમીનો સમય

રમીનો સમય ૧૧મી ઝિલ્હજ અને ૧૨મી ઝિલ્હજના ઝવાલથી શરૂ થઈ બીજા દિવસની સુબ્હ સાદિકના પૂરો થાય છે. તેનું વિભાજન નીચે મુજબ છે.

ઝવાલથી સૂર્યાસ્ત સુધી	મસ્નૂન
સૂર્યાસ્તથી સુબ્હ સાદિક સુધી	મકરૂહ

પેજ ૧૮ ઉપર રમીનો સમય શિર્ષક હેઠળની અગત્યની નોંધ વાંચો.

મસ્અલહ : ૧૧મી અને ૧૨મી ઝિલ્હજના ઝવાલ પહેલાં જમરાતને કાંકરા મારવા જાઈઝ નથી. તે રદ ગણાશે. અને કબૂલ થશે નહીં.

રમીની રીત

૧ નાના શયતાન પાસે આવો – મસ્જિદે ખૈફની સૌથી નજીકનો – અને આશરે અઢી કે વધુ વારના અંતરે ઊભા રહો.

૨ એક પછી એક સાત કાંકરા મારો. જમણા હાથની પહેલી આંગળી અને અંગૂઠાથી પકડી અને દરેક વખતે બિસ્મીલ્લાહી અલ્લાહુ અકબર પઢો.

૩ સાત કાંકરા માર્યા પછી બાજુ પર ખસી કિબ્લા તરફ મોઢું કરી હાથ ઊઠાવી દુઆ માંગો. અલ્લાહ તઆલાનાં વખાણ કરો, દુરૂદ શરીફ પઢો અને ઓછામાં ઓછું કુર્આનની ૨૦ આયતો પઢવા જેટલા સમય સુધી દુઆ કરો.

૪ વચલા શયતાન પાસે આવો અને ઉપર ૧, ૨ અને ૩ માં સમજાવ્યા મુજબ કરો.

૫ હવે મોટા શયતાન સુધી જાઓ અને સાત કાંકરા મારો, પણ તે પછી દુઆ ન માંગો.

મસ્અલહ : ફકત નાના અને વચલા શયતાનની રમી પછી જ દુઆ મસ્નૂન છે.

૬ તમારા તંબૂમાં પાછા ફરો અને મિનામાં રાત ગાળો.

*

હઝરત બુરૈદહ રદિઅલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહ અલયહિ વસલ્લમે ફરમાવ્યું, 'હજમાં કરેલ ખર્ચ જિહાદમાં કરેલ ખર્ચ બરાબર છે; સાતસો ગણો બદલો મળે છે.'

અહમદ

પાંચમો દિવસ (૧૨મી ઝિલ્હજ)

ચોથા દિવસ (૧૧મી ઝિલ્હજ)માં લખ્યા મુજબના જ અમલો કરો. આ દિવસે પણ ઝવાલ પહેલાં કાંકરા મારવા જાઈઝ નથી.

મસ્અલહ : આ દિવસે જો સૂર્યાસ્ત પહેલાં મિના ન છોડી શકાય તો બીજા દિવસ –૧૩મી ઝિલ્હજના રમી (કાંકરા મારવા) વગર છોડવું મકરૂહ છે. આ સંજોગમાં બીજા દિવસે જમરાતને કાંકરા મારવા વાજિબ નથી, અને મિના છોડવાની મનાઈ પણ નથી, અગર રોકાવું અને છોડવું કોઈ કારણસર હોય.

મસ્અલહ : જો બીજી સવાર એટલે કે ૧૩મી ઝિલ્હજની સવારની સુબ્હ સાદિક પહેલાં મિના ન છોડયું તો તે દિવસની રમી કરવી વાજિબ છે. ન કરે તો દમ લાગુ પડશે.

અગત્યની નોંધ : લોકોમાં સામાન્ય માન્યતા છે કે ૧૨મી ઝિલ્હજના સૂર્યાસ્ત અગાઉ મિના છોડવું જ જોઈએ, નહિતર બીજા દિવસની રમી વાજિબ થશે. આવું નથી. બીજા દિવસની રમી ૧૩મી ઝિલ્હજના સુબ્હ સાદિક સુધી મિનામાં રોકાય તો જ વાજિબ થાય છે.

ઘણા હાજીઓ, આ ગેરસમજને કારણે, સૂર્યાસ્ત પહેલાં મિના છોડવા પ્રયત્ન કરે છે, અને આમ કરવામાં ઝવાલ પહેલાં કાંકરા મારે છે (જે નાજાઈઝ છે) અથવા સવારના ૧૦.૦૦ વાગ્યાથી ગરમીમાં થોભે છે જેથી ઝવાલ થતાં જ કાંકરા મારે અને સૂર્યાસ્ત પહેલાં મિના છોડી જાય. આમ કરવામાં તેઓ ઘણી મુશ્કેલી સહે છે, તથા પોતાના માટે અને ખાસ કરી પોતાના કમજોર સાથીઓ માટે જોખમ વહોરે છે.

તેઓ પોતાને કે અન્ય મુસ્લિમ ભાઈઓને હાનિ પહોંચાડવા કારણરૂપ બને છે, જે હરામ છે. લાખો હાજીઓ વચ્ચે શયતાનને કાંકરા મારવા સરળ નથી. ધીરજ રાખો અને આ અમલ અસ્ર પછી કરો. જો જરૂર પડે તો રમી મગરિબ પછી કરો. તમે મિના સુબ્હ સાદિક અગાઉ છોડી દો એટલે યોગ્ય થયું.

નોંધ : ઘણા લોકો મકકાહ પાછા જતાં રસ્તે ટ્રાફિકમાં અટવાય છે અને મગરિબ નમાઝ પઢતા નથી. કાળજી રાખી તમે જયાં હોય ત્યાં મગરિબ પઢો અને મકકાહ પહોંચ્યા પછી ઈશા પણ પઢો.

*

હઝરત અબુ હુરૈરહ રદિઅલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું, 'ખરેખર સાચી હજનો જન્નત સિવાયનો બદલો નથી.'

બુખારી, મુસ્લિમ

છઠ્ઠો દિવસ (૧૩મી ઝિલ્હજ)

૧૩મી ઝિલ્હજની રમી વાજિબ નથી. પરંતુ ૧૩મી ઝિલ્હજના પણ ત્રણેવ શયતાનને કાંકરા મારવાની ઘણી ફઝીલત છે.

જો તમે ૧૩મીએ પણ કાંકરા મારવાનું નકકી કર્યુ હોય તો ચોથા દિવસ (૧૧મી ઝિલ્હજ)માં સમજાવ્યા મુજબ જ કરો.

મસ્અલહ : જે હાજી ૧૩મી ઝિલ્હજની સુબ્હ સાદિક સુધી મિનામાં રહયા હોય તેમના માટે આ દિવસે પણ રમી કરવી વાજિબ છે.

૧૩મી ઝિલ્હજના રમીનો સમય

સુબ્હ સાદિકથી ઝવાલ સુધી	મકરૂહ
ઝવાલથી સૂર્યાસ્ત સુધી	મસ્નૂન

અલ્હમ્દુલિલ્લાહ, હવે હજના બધા અમલ પૂરા થયા. અલ્લાહ આપની હજ કબૂલ કરે અને તમારા પર તથા તમારાં સ્વજનો પર રહેમ વરસાવે, આમીન.

*

હઝરત આયશા રદિઅલ્લાહુ અન્હા એ એકવાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પાસે જિહાદમાં જવાની રજા માંગી રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, ‘હજ કરવી એ જ તમારો જિહાદ છે.’

બુખારી, મુસ્લિમ

તવાફે વિદા

જયાં સુધી મકકામાં રહો ત્યાં સુધી દરેક પળની કદર કરી તવાફ ઉમરહ, ઝિક્ર અને ઈબાદતમાં પ્રવૃત રહો. પરંતુ ૧૩મી ઝિલ્હજ પૂરી ન થાય ત્યાં સુધી ઉમરહ ન કરો.

તવાફે વિદાનો સમય

તવાફે વિદા તવાફે ઝિયારત પછી ગમે ત્યારે થઈ શકે પણ વિદાયના સમયે કરવો બેહતર છે.

૧ જયારે તમે મકકાહ મુકર્‌રમહથી વિદાય થવાનું નકકી કરો ત્યારેતવાફેવિદા (વિદાયનો તવાફ) કરો જે વાજિબ છે.

૨ મકામે ઈબ્રાહીમ પર તવાફની બે રકાત પઢો પછી ઝમ ઝમ પીવા જાવઅને કિબ્લા તરફ મોઢું રાખી ત્રણ ઘૂંટડે ધરાઈને પાણી પીઓ.

૩ પાણી પીધા પછી મુલ્તઝમ પાસે જાવ અને કાબાની દીવાલ સાથે છાતી તથા જમણો ગાલ ટેકવી, ગિલાફ પકડી નમ્રતાથી માફી અને મગફેરત માંગો. આંસુ સારો, પસ્તાવો કરો, દુરુદ શરીફ પઢો, અલ્લાહનાં વખાણ કરો અને શકય એટલો લાંબો સમય દુઆ માંગો.

૪ દુઆ પછી હજરે અસ્વદનો ઈસ્તિલામ કરો અને ઉદાસ દિલે બહાર નીકળો કેમકે ફરી આ પાક જગ્યાએ આવવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થશે કે નહીં તે તમે જાણતા નથી.

મસ્અલહ : જો કોઈ આ તવાફ કર્યા વગર ઘરે પાછા આવે તો દમ લાગુ પડશે.

મસ્અલહ : તવાફે ઝિયારત પછી નફલ તવાફ કર્યો હશે તો આ નફલ તવાફ તવાફે વિદા તરીકે ગણાશે ભલે તવાફે વિદાની નિય્યત ન કરી હોય તો પણ.

મસ્અલહ : માસિક (હૈઝ) વાળી કે નિફાસ (પ્રસુતિ પછીનો ગાળો) વાળી સ્ત્રી માટે તવાફે વિદા માફ છે કારણકે આ હાલતમાં તેણી માટે મસ્જિદમાં પ્રવેશવું જાઈઝ નથી.

મસ્અલહ : તવાફે વિદા પછી પણ હાજી નમાઝ કે તવાફ માટે મસ્જિદે હરામમાં જઈ શકે.

*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર રદિઅલ્લાહુ અન્હુમાંથી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસ્સલમે ફરમાવ્યું, ‘જયારે તમે હાજીને મળો (તેના ઘરે જતાં રસ્તે) ત્યારે સલામ કરો, તેની સાથે મુસાફહો કરો અને તે ઘરમાં પ્રવેશે તે પહેલાં તમારા વતી અલ્લાહ પાસે મગફિરત માંગવા કહો, કારણકે અલ્લાહે તેના ગુના માફ કર્યા હોવાથી તેની મગફિરત માટેની દુઆ કબૂલ થાય છે.

અહમદ

હજ પછી

પ્રથમ, હજ કર્યા પછી પણ નિય્યતમાં ઈખ્લાસ રહેવો જોઈએ. કોઈ ભપકો કે દંભદેખાવ ન જોઈએ. હાજી તરીકે ઓળખાય કે લોકો હાજી કહે એવી ચાહત ન જોઈએ. ઘણા લોકો વારંવાર પોતાની મુસાફરીની વાતો કરતા રહે છે જેથી લોકો તેમણે હજ કરી છે તે જાણે. આ શયતાનની છેતરપીંડી અને છળ છે, જે વ્યકિતની ઈબાદત બરબાદ કરે છે. તેથી હાજીએ જરૂર વગર પોતાની હજ વિશે વાત કરવી નહીં કારણકે એનાથી રિયા (દંભદેખાવ) થાય. પરંતુ આવશ્યકતા ઊભી થાય અને પોતાની હજ વિશે ઉલ્લેખ કરવો જ પડે તો છૂટ છે.

બીજું, અનુભવે જણાયું છે કે, ઘણા હાજીઓ દુઃખદ યાદો સાથે લઈ આવે છે, અને આ કડવાશ તેમની જીભે હોવાથી તેમને હજમાં જે અડચણો પડી તેની જ વાત કરતા રહે છે. હાજીઓએ આ ન કરવું જોઈએ. બલકે તેમણે પાક જગ્યાઓની બુઝુર્ગી, રૂહાની લાભ, હરમૈનમાં ઈબાદતની લજ્જત – ઉમરહ, તવાફ, સલામ, મસ્જિદે હરમ અને મસ્જિદે નબવીમાં નમાઝની કેફિયત વગેરે વાતો કરવી. જો કાળજીથી હજની મુસાફરી વિશે વિચારો તો શારીરિક અડચણોની સામે રૂહાની લાભોનું પલ્લું નમી જશે. આ પાક સ્થળોએ વીતાવેલ એક એક ક્ષણની સરખામણીએ દુનિયાની તમામ ચીજો તુચ્છ છે.

હજની મુસાફરી લાંબી છે; તેથી મુશ્કેલીઓ છે જ. આપણા દેશમાં આપણે હમેશાં આરામથી અને સરળતાથી મુસાફરી કરીએ છીએ ? આપણને મુશ્કેલી નથી નડતી ? હકીકતમાં ૨૦ – ૩૦ લાખ હાજીઓ એક સાથે હજના અમલ કરતા હોય તે તથ્ય ધ્યાનમાં લેતાં આ મુશ્કેલીઓ નજીવી ગણાય. વળી મુસાફરી દરમિયાન નડતી દરેક મુશ્કેલી માટે અલ્લાહ તઆલા ભરપૂર સવાબ આપે છે. બીજી મુસાફરીઓનો આવો બદલો નથી.

જે લોકો આવી ચર્ચા કરતા રહે છે તે હજી હજ નથી કરી એવા લોકોને હતાશ કરી દે છે. આ દુર્ભાગી લોકોની ગણના કુર્આનમાં સુરએ હજમાં જણાવેલ – અને જેઓ (માણસોને) અલ્લાહના માર્ગથી અને પાક મસ્જિદથી રોકે છે – સમૂહમાં થાય છે. તેઓએ સમજવું જોઈએ કે, તેમની વાતો સાંભળી નાહિમ્મત થઈ લોકો હજ કરવાનું માંડી વાળશે તો તેઓ પણ ગુનેગાર થશે.

ત્રીજું , મબરૂર હજ એટલે કે મકબૂલ હજની નિશાની એ છે કે, હજ કર્યા પછી વ્યકિતની જિન્દગી બદલાય અને સારી બને. તે અલ્લાહતઆલા ના હુકમોનું નિયમિત પાલન કરે. તેના દિલમાં આખેરતની ચાહત વધે અને દુન્યવી મોજશોખની ઈચ્છા ઓછી થાય. એટલે, હાજી અલ્લાહે નિર્દેશેલ કર્તવ્યો પૂરાં કરવાનો સતત પ્રયાસ કરે અને અલ્લાહે મના કરેલ બાબતોથી બચે તે આવશ્યક છે.

ઈસ્લામિક દા'વા અકાદમી
જામિ'અહ રિયાઝુલ ઉલૂમ

જામિ'અહ રિયાઝુલ ઉલૂમ નિવાસી શૈક્ષણિક સંસ્થા છે જે મેલ્બોર્ન રોડ, લેસ્ટરમાં આવેલી છે. એની સ્થાપના રમઝાન ૧૪૧૯ (ડિસેમ્બર ૧૯૯૮) માં ૧૬ વર્ષથી ઉપરના ઈસ્લામ વિશેના પોતાના જ્ઞાનની વૃધ્ધિ ઈચ્છતા વિધાર્થીઓને પૂર્ણ સમયનું દીની શિક્ષણ આપવાના હેતુથી થયેલી.

સંસ્થા આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો વિકસાવવાની નેમથી ઉચ્ચતમ સ્તરનું ઈસ્લામી શિક્ષણ આપવા પ્રયાસ કરે છે, તેથી પ્રવેશ સંખ્યા મર્યાદિત છે.

સંસ્થામાં હાલ દિવ્ય કુર્આન હિફઝ, કિર્આત તથા છ વર્ષીય પૂર્ણ સમયનો ઈસ્લામી ધર્મશાસ્ત્રના અભ્યાસક્રમો છે, જે ઈસ્લામની વિવિધ વિધાશાખાઓને આવરી લે છે.

આનો લાભ લેવા, કોઈ રીતે સહાયક થવા, કે વધુ માહિતી માટે સંપર્ક કરો :

Jame'ah Riyadul 'Uloom, 120 Melbourne Road, Leicester, England LE2 ODS
Tel. (0116) 262 5440